| | |
|---|---|
| દાખલ કર્યા તારીખ | ૦૩– ૦૩ – ૨૦૨૬ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૦૩– ૦૩– ૨૦૨૬ |
| નિકાલ કર્યા તારીખ | ૦૯– ૦૩ – ૨૦૨૬ |
| સ મ ય ગા ળો | વર્ષ માસ દિવસ |
| | ૦૦ – ૦૦ – ૦૬ |

**મહેસાણા જિલ્લાની સત્ર અદાલત સમક્ષ,**
**મું.મહેસાણા.**

**ફોજદારી પરચુરણ અરજી નં.૨૬૦/૨૦૨૬**
**આંક:– ૦૮**

**ઠાકોર દશરથસિંહ ઉર્ફે પિન્ટુભા કનુજી સોમાજી**
ઉ.વ.આ.૩૦,ધંધો–મજુરી,
રહે.મગપરા, પ્રાઈમરી સ્કુલ નં. ૪ સામે,
સધીમાતાના મંદિર પાછળ, મહેસાણા.
તા.જી.મહેસાણા. ......**અરજદાર**

**વિરૂધ્ધ**

**શ્રી સરકાર** .....**સામાવાળા**

**બાબત –** બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવા માટેની અરજી

| | |
|---|---|
| ગુન્હો | બી.એન.એસ.ની કલમ ૧૦૩(૧),૬૧(૨),૫૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબ |
| | મહેસાણા શહેર"બી"ડીવીઝન પો.સ્ટે.પાર્ટ–એ ગુ.ર.નં. ૧૧૨૦૬૦૪૫૨૫૦૨૪૫ /૨૦૨૫ |

.....................................................................
અરજદાર તરફે :– વિ.વકીલશ્રી આર.એન.બારોટ
સામાવાળા તરફે :– વિ.ડી.પી.પી.શ્રી વિ.બી.બારોટ
.....................................................................

સત્ર ન્યાયાધીશ,
મહેસાણા.

**-:: હુ ક મ :: -**

(૧) આ કામના અરજદાર/આરોપીએ તેઓની સામે જે **મહેસાણા શહેર "બી" ડીવીઝન પો.સ્ટે. પાર્ટ-એ ગુ.ર.નં. ૧૧૨૦૬૦૪૫ ૨૫૦૨૪૫/૨૦૨૫ થી બી.એન.એસ. ની કલમ ૧૦૩(૧), ૬૧(૨),૫૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫** મુજબ મુજબના ગુનાના કામે જયુડીશીયલ કસ્ટડીમાં હોઇ બી.એન.એસ.એસ. ની કલમ-૪૮૩ હેઠળની રેગ્યુલર જામીન મેળવવા માટે હાલની આ અરજી કરેલ છે.

(૨) ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત મુજબ ફરિયાદીના મરણજનાર ભાઈ વિક્રમ સાથે આરોપી વાઘેલા રાહુલસિંહ રમેશજીનાઓને એકાદ વર્ષ અગાઉ થયેલી મારામારીની અદાવત રાખી બનાવના ત્રણેક દિવસ અગાઉ ફરિયાદીના પરિવારના સભ્યોને પતાવી દેવાની મરણજનારને ધમકી આપી આરોપીઓ એ પુર્વ આયોજીત કાવતરૂ રચી બનાવ તારીખ ૧૫-૦૪-૨૦૨૫ ના રાત્રીના આશરે પોંણા અગિયારેક વાગ્યાના સુમારે મહેસાણા મગપરા ડેરી રોડ ઉપર ફરિયાદીના ભાઈ વિક્રમને આરોપી રાહુલસિંહ વાઘેલાનાઓએ ધારીયાથી તથા બીજા ત્રણેક અજાણ્યા ઈમસોએ તિક્ષ્ણ હથિયારોથી જીવલેણ હુમલો કરી ગંભીર ઈજાઓ કરી મોત નિપજાવેલ હોવાનો આક્ષેપ છે.

(૩) અરજદાર તર્ફે વિ.વકીલશ્રી આર.એન.બારોટે મુખ્યત્વે દલીલમાં જણાવેલ છે કે, અરજદારે અગાઉ ફો. પ. અ. નં. ૮૬૪/૨૦૨૫ ની કરેલ હતી જે નામંજુર થયેલ છે. અરજદારનું ફરિયાદમાં નામ નથી. બનાવ સ્થળેથી કબજે થયેલ સીસીટીવી ફુટેજમાં પણ અરજદારની હાજરી દેખાતી નથી. માત્ર શંકાના આધારે ખોટી રીતે સંડોવણી કરેલ છે. મુદ્દામાલ કબજે થઈ ગયેલ છે. અરજદાર પાસેથી કોઈ ચીજવસ્તુ કબજે લેવાની રહેતી નથી. અરજદાર/આરોપી સામે ગુનાનું ચાર્જશીટ થઈ ગયેલ છે, જેનો

સેશન્સ કેસ નં. ૫૧/૨૦૨૫ પડેલ છે. અરજદાર સામે કોઈ પ્રથમદર્શનીય પુરાવો નથી. કેસ ચાલતા સમય લાગે તેમ છે. અરજદાર/ આરોપીનો કોઈ મહત્વનો રોલ કે સંડોવણી નથી. ચાર્જશીટ થઈ ગયેલ હોઈ સાક્ષી, પંચો ફોડવાનો પ્રશ્ન રહેતો નથી. આરોપી મહેસાણા જીલ્લાના રહીશ છે, નાસીભાગી જાય તેમ નથી અને શરતોનું પાળવા તૈયાર છે, જેથી જામીન અરજી મંજુર કરવા વિનંતી છે.

(૪) અરજદારની અરજી અન્વયે સામાવાળાને નોટીસની ધોરણસર બજવણી થતા સરકાર તરફે વિ.ડી.પી.પી. શ્રી વિ.બી.બારોટ હાજર થયા છે. તેઓએ મુખ્યત્વે દલીલમાં જણાવેલ છે કે, હાલના અરજદાર પાસે બનાવ સમયે લોખંડનું ધારીયા હતું જેનાથી ઈજા પામનારને ઈજાઓ પહોચાડી મૃત્યુ નીપજાવેલ છે અને તે ધારીયુ પંચનામાની વિગતે કબજે લેવામાં આવેલ છે. અરજદારે ચાર્જશીટ બાદ કરેલ ફો. પ. અ. નં. ૮૬૪/૨૦૨૫ ની રેગ્યુલર જામીન અરજી અત્રેની કોર્ટથી નામંજુર કરવામાં આવેલ છે. અરજદારે નામ. ગુજરાત હાઈકોર્ટ સમક્ષ ફો. પ. અ. નં. ૧૭૮૮૦/૨૦૨૫ ની ચાર્જશીટ પછીની રેગ્યુલર જામીન અરજી કરેલ હતી જે પાછળથી વિથડ્રો કરેલ છે. હાલની અરજી સકસેશીવ બેઈલ છે પરંતુ અરજદારની અગાઉની રેગ્યુલર જામીન અરજી નામંજુર થયા બાદ નવા કોઈ સંજોગો બદલાયેલા નથી. અરજદાર સામેના ગુનાની તપાસ પુર્ણ થઈ ચાર્જશીટ ફાઈલ થયેલ છે જે સેશન્સ કેસ નં. ૫૧/૨૦૨૫ થી અત્રેની અદાલતમાં પુરાવા ઉપર ચાલુ છે જેમાં નવેક સાક્ષીઓ તપાસવામાં આવેલ છે. ટ્રાયલ ચાલુ થયા પછી જામીન આપી શકાય નહી. અરજદાર સામે ૧૨ ગુનાઓ નોંધાયેલ છે તે જોતાં ગુનાહિત ભુતકાળ છે. ફરિયાદીના પિતાને આ ગુના બાદ સમાધાનની ધમકી આપતાં હોવાની ફરિયાદ દાખલ થયેલ છે. આમ, આરોપીનો રોલ અને

સંડોવણી સ્પષ્ટ છે, જેથી જામીન અરજી નામંજુર કરવા લંબાણપુર્વક દલીલ કરેલ છે. .

(૫) અરજી તથા તપાસ તપાસ કરનાર અમલદારનું એફીડેવીટ વંચાણે લીધુ. અરજદાર સામે મુખ્યત્વે બી.એન.એસ.ની કલમ–૧૦૩(૧), ૬૧(૨), ૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાના આક્ષેપો છે. મુખ્યત્વે આક્ષેપ મુજબ હાલના અરજદાર અને અન્ય અરોપીઓએ અગાઉ થયેલ મારામારીની અદાવત રાખી પુર્વ આયોજીત કાવતરૂ રચી રાતે પોંણા અગીયાર વાગે ધારીયા હાથમાં ધારણ કરી હુમલો કરેલો અને ઈજાઓ પહોચાડેલી અને ઈજા પામનારનું મૃત્યુ થયેલુ. હાલના અરજદાર પાસે બનાવ સમયે હાથમાં લોખંડનું ધારીયુ હતુ અને જીવલેણ હુમલો કરી ઈજા પામનારને ઈજાઓ પહોંચાડી મૃત્યુ નીપજાવેલ છે. લોખંડનુ ધારીયુ ડીસ્કવરી પંચનામા ધ્વારા અરજદાર પાસેથી કબજે થયેલ છે. ઓળખ પરેડ થયેલ છે. હાલના અરજદાર આરોપી સામે કુલ બાર ગુના નોંધાયેલા છે તે પૈકી અગીયાર ગુના ડીસ્પોઝ થયેલા છે અને અન્ય એક ગુનો ઈ.પી.કો. કલમ –૩૮૭ અને ૫૦૬ મુજબનો હાલ ચાલુ છે. અગાઉ ડીસ્પોઝ થયેલા ગુનાઓમાં પણ શરીરસંબંધી ગુનાઓ નોંધાયેલા હતા અને તે ડીસ્પોઝ થયેલા છે. હાલનો સેસન્સ કેસ નંબર–૫૧/૨૦૨૫ હાલ ચાલુ પ્રગતિમાં છે અને તેમાં નવ સાહેદો તપાસવામાં આવેલા છે, આમ ટ્રાયલ ચાલુ છે.

(૬) અગાઉ હાલના અરજદારે ચાર્જશીટ થયા પછી ફો.પ.અ. ૮૬૪/૨૦૨૫ નંબરની જામીન અરજી દાખલ કરેલી જે અત્રેની અદાલતે નામંજુર કરેલી. ત્યારબાદ નામ. હાઈકોર્ટમાં ક્રિમીનલ પરચુ. અરજી (આફટર ચાર્જશીટ) નં. ૧૭૮૮૦/૨૦૨૫ દાખલ કરેલ, જે અરજદારે વિથડ્રો કરેલી, ત્યારબાદ હાલની જામીન અરજી દાખલ કરેલ છે. અરજદારના વકીલશ્રી કોઈપણ મહત્વના

સંજોગો બદલાયેલા હોય તેવુ રેકર્ડ પર બતાવી શકેલા નથી અને ખરેખર કોઇ મહત્વના સંજોગોમાં ફેરફાર થયેલ નથી.

(૭) ડી.પી.પી.શ્રીએ નીચે મુજબના ચુકાદા રજુ કરેલા છે.

(૭.૧) 2025 (0) **AIJEL – HC**– 251020

**ઇમરોજ ઇદીશ શેખ વિ. સ્ટેટ ઓફ ગુજરાત**ના ચુકાદામાં ઠરાવેલ છે કે, સકસેશીવ બેઈલ મેન્ટેનેબલ છે, પરંતુ નવા તાજા અને મહત્વના સંજોગોમાં ફેરફાર હોવા જોઇએ અને તે મહત્વના ફેરફારો અગાઉની રદ કરેલી જામીન અરજીથી નવા તાજા અને મહત્વના હોવા જોઇએ. માત્ર ટ્રાયલમાં થતો વિલંબ કે કોસ્મેટીક ચેઈન્જ તે પુરતુ નથી. જયારે કોઇપણ નવા કારણો રજુ ન થાય ત્યારે સકસેશીવ બેઈલ મંજુર કરી શકાય નહી. હાલના કેસમાં અગાઉની જામીન અરજી રદ થયા પછી નવા તાજા કે મહત્વના સંજોગોમાં ફેરફાર થયેલા હોય તેવુ રેકર્ડ પર આવેલ નથી, જેથી જામીન અરજી મંજુર કરી શકાય નહી.

(૭.૨) 2024 (0) **AIJEL – SC** – 74336

**એકસ વિ. સ્ટેટ ઓફ રાજસ્થાન**ના ચુકાદામાં ઠરાવેલ છે કે, ગંભીર ગુનાઓમાં જયારે એક વખત પ્રોસીકયુશને પોતાના સાક્ષી તપાસવાના શરૂ કરી દીધા હોય, ટ્રાયલ શરૂ થઇ ગયો હોય ત્યારે ટ્રાયલના અંત સુધી જામીન અરજી મંજુર ન કરતા ટ્રાયલના અંત સુધી રાહ જોવી જોઇએ.

(૮) હાલના કેસમાં નવેક સાક્ષી તપાસવામાં આવી ગયા છે અને કેસમાં ટ્રાયલ ચલાવવામાં કોઇ વિલંબ નથી. આ સંજોગોમાં જામીન અરજી મંજુર કરી શકાય નહી.આમ, કેસની હકીકતો અને સંજોગોને લક્ષમાં રાખી અરજદાર / આરોપીની જામીન અરજી મંજુર કરવી ન્યાયોચિત જણાતી ન હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

સત્ર ન્યાયાધીશ,
મહેસાણા.

**<u>–:: હુ ક મ :: –</u>**

- અરજદાર/આરોપી **ઠાકોર દશરથસિંહ ઉર્ફે પિન્ટુભા કનુજી સોમાજીનાઓની** રેગ્યુલર જામીન અરજી **"નામંજુર"** કરવામાં આવે છે.

હુકમ આજ તા.૦૯મી માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી, વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ– ૦૯/૦૩/૨૦૨૬.
સ્થળ – મહેસાણા.

**(અંબરીષ લાલજીભાઈ વ્યાસ)**
**સેશન્સ જજ, મહેસાણા.**
Code No.GJ0 0508

સત્ર ન્યાયાધીશ,
મહેસાણા.